ગાંધીનગર સમાચાર

## આજે તલાટી કમ મંત્રીની પુનઃ પરીક્ષા

# મનપાનો પ્રથમ ગરીબ કલ્યાણ મેળો યોજાયો

## ગરીબ કલ્યાણ મેળા અને ગતિશીલ ગુજરાત એ સુરાજયથી સુશાસન તરફની ગતિ છે : રજનીકાન્ત પટેલ

### અવ્યવસ્થા અને અગવડતા બદલ ગૃહ રાજયમંત્રીએ ક્ષમાયાચના કરી !!

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રથમ ગરીબ કલ્યાણ મેળામાં જ આયોજન અને વ્યવસ્થાને લઈ આકરી ટકોર ગૃહ રાજયમંત્રી શ્રી રજનીકાન્તભાઈ પટેલે કરી હતી.

તેમણે આ માટે લાભાર્થીઓની ક્ષમાયાચના કરતાં જણાવ્યું હતું કે સંકડાશને લઈ બધાજ લાભાર્થીઓને મળવાનો મોકો મળ્યો નથી તેમજ તમને તકલીફ પડી હોય તો ક્ષમા પ્રાર્થુ છુ. પ્રથમ પ્રયાસ છે એટલે સ્વાભાવિક તકલીફો થાય પણ સૌને તેમનો લાભ મેળવી તંત્રની વ્યવસ્થામાં સહકાર આપવા જણાવ્યું હતું.

હોલમાં પંખા ચાલુ રહેતાં દીપ પ્રાગટ્યમાં પણ તકલીફ પડી હતી. તો બેસવા અને પ્રવેશ માટે તકલીફોનો સામનો કરવો પડ્યો હતો. ટ્રાયસીકલના લાભાર્થીઓને માત્ર પેપર આપવામાં આવ્યા હતા તો સગર્ભા મહિલાઓને મગનું વિતરણ કરવામાં પણ કાઉન્સીલરોમાં હોડ જામી હોય તેવું લાગતું હતું.

ગાંધીનગર, તા. ૨૨

ગરીબ કલ્યાણ મેળા અને ગતિશીલ ગુજરાતની વાત એ સુરાજયથી સુશાસન તરફની ગતિ છે તેમ રાજય ગૃહમંત્રીશ્રી રજની પટેલે આજે ગાંધીનગર જિલ્લાના પ્રથમ ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું.

શ્રી પટેલે જણાવ્યું હતું કે કલ્યાણ રાજયની વિભાવના સાકાર કરવા અને વચેટિયાઓની વકીલાતને દૂર કરવા માટે સરકારે ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન હાથ ધર્યું હતું. તેમણે જણાવ્યું કે કલ્યાણકારી યોજનાનો સીધો લાભ નાનામાં નાની વ્યકિત સુધી સીધો પહોંચતો થયો છે.

● અનુસંધાન પાન-૫ પર



### ન જાણ્યુ જાનકી નાથે કાલે શુ થવાનુ ...

## સે-૨માં મોર્નિંગ વોક પર નિકળેલા નિવૃત્ત અધિકારી એકાએક ઢળી પડયા

### નિત્યક્રમ મુજબ વોકીંગ પર નિકળ્યા હતા ત્યાં હૃદયરોગના હુમલાથી સ્થળ પર જ મોત નિપજયુ

ગાંધીનગર તા ૨૨

ન જાણ્યુ જાનકી નાથે કાલે સવારે શુ થવાનુ છે... માણસ ઘરની બહાર નીકળે અને ઘરે સલામત પાછો ફરે ત્યારે સાચો. આવામાં વ્યકિતના આકસ્મિક મૃત્યુથી જાન ગુમાવનાર પરિવારજનો માથે આભ ફાટી પડે તેવી સ્થિતિ સર્જાય છે.પલવારમાંજ હસતી રમતી જીન્દગીના દ્વાર પર મોતની દસ્તકથી ખિલખિલાટ કરતા પરિવારમાં શોકની કાલીમાં છવાઈ જાય છે. સેકટર-૨માં પણ ગઈકાલે આવો જ એક બનાવ બન્યો હતો.નિત્ય ક્રમ મુજબ મોર્નિંગ વોક પર નિકળેલા ૫૯ વર્ષીય નિકેશભાઈને અચાનક જ હ્રદયરોગનો હુમલો આવતા વોકીંગ રૂટમાં જ તેઓ ઢળી પડયા હતા.અને પલવારમાં જ તેમનુ પ્રાણ પંખેરુ ઉડી ગયુ હતુ.તેમના અવસાનથી સેકટરવાસીઓ તેમજ પરિવારજનો પણ આઘાતમાં સરી પડયા છે.

આજના ઝડપી અને આધુનિક યુગમાં રાજીંદા જીવનમાં ચિત્ર વિચિત્ર ઘટનાઓ માનવજીવનને બે ઘડી અચંબામાં મુકી દે છે. આંખોમાં શમણા સજાવીને રાહ ચાલતા માણસને ઈસી મિનિટે જાણે કાળની થપાટ વાગી જતા જીવન લીલા પલવારમાં જ સમેટાઈ જાય છે.ભૌતિક વાદથી ખદબદતા માનવજીવનને ડગલેને પગલે સાહસો ખેડવા પડે છે. ત્યારે હસતા ચહેરાનુ સ્મિત કયારે કાળ અકાળે કોળિયો કરી જાય તે વાતને કોઈ કળી શકતુ નથી.માટે જ આજના સમયમાં આ કહેવત ડગલે ને પગલે સાચી ઠરતી લેખાય છે કે ન જાણ્યુ જાનકી નાથે કે કાલે સવારે શુ થવાનુ છે. આ કહેવતને યર્થાથ કરતો એક કિસ્સો આજે નગરના સેકટર-૨ માં પ્રકાશમાં આવ્યો હતો. સેકટર-૨ ડી માં પ્લોટનં-૧૦૦૮-૧ માં રહેતા નિકેશભાઈ પટેલ ગઈકાલે સવારે નિત્ય ક્રમ મુજબ મોર્નિંગ વોક પર જવા ઘરેથી નિકળ્યા હતા. ત્યારે સ્વામિનારાયણ મંદિર પાસે ચ માર્ગ પર પહોંચતા અચાનક જ તેમને હૃ્દય રોગનો હુમલો આવતા તેઓ સ્થળ પર ઢળી પડયા હતા. તેમને ઢળેલી હાલતમાં જોઈ અન્ય રાહદારીઓનુ ટોળુ પણ સ્થળ પર એકત્રિત થઈ ગયુ હતુ.તેમની હાલત ગંભીર હોવાનુ જાણી તાત્કાલિક ૧૦૮ને કોલ કરી દેવામાં આવ્યો હતો. આ દરમિયાન તેમને પમ્પીંગ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ સારવાર પૂર્વેજ તેમનુ મોત નિપજતા રસ્તે જતા માણસના દેહે જીવ છોડી દીધો હતો. ૫૯ વર્ષીય નિકેશભાઈ સરદાર સરોવર નિગમમાં કંપની સેક્રેટરી તરીકે ફરજ બજાવતા હતા.નિવૃત થયા બાદ પણ તેમની ફરજનિષ્ઠાને ધ્યાને રાખી સરકારે તેમની સેવા લંબાવી હતી પરંતુ કુદરતે તેમનુ આ એકસ્ટેન્શન જાણે મંજુર રાખ્યુ ન હતુ. તેમંના આકસ્મિક અવસાનથી તેમના પરિવારજનોમાં ઘેરા દુખ સાથે શોકની લાગણી વ્યાપી છે. તેઓ તેમના પત્નિ ભારતીબેન અને બે પુત્રોને વિલાપ કરતા મકી ગયા છે.જે પૈકી એક વિવેક ઓસ્ટ્રેલિયામાં મેડીકલ ક્ષેત્રે અભ્યાસ કરે છે.જયારે બીજો પુત્ર રાહુલ મિકેનિકલ એન્જીનિયરીંગમાં ભણે છે. સદગત નિકેશભાઈનો દેહ પંચમહાભુતમાં વિલિન કરવા રવિવારે અંતિમક્રીયા કરવામાં આવશે.

## પાટીદાર આંદોલનને નાથવા સરકાર વ્યસ્ત

અમદાવાદ, તા. ૨૨

અનામતની માંગણી સાથે પાટીદાર સમુદાય આક્રમક મૂડમાં આવી જતાં હવે ગુજરાત સરકારની તકલીફ વધી ગઈ છે. અનામતની માંગણી સાથે આંદોલન તીવ્ર બનતા સરકાર તમામ કામોને નજરઅંદાજ કરીને હાલમાં આંદોલનને ઠાળે પાડવામાં વ્યસ્ત બની છે. સરકાર માટે પણ હાલ અનામત આંદોલનને થાળે પાડ્યુ એ જ ધ્યેય બની ગયું છે. જેના કારણે મહત્વના તમામ કામો અને પ્રોજેક્ટો અટકી પડ્યા છે. કેબિનેટની બેઠકોમાં પણ આ જ મુદ્દો ચર્ચાસ્થાને રહે છે. આંદોલન મામલે સરકારે ૭ મંત્રીઓની કમિટિ બનાવી છે. આ કમિટિના સભ્યો મોટેભાગે રજૂઆતો સાંભળવા ઉપરાંત તેનું પૃથ્થક્કરણ, મુખ્ય માંગણીઓ, આવેદનપત્રોનો અભ્યાસ વગેરે જેવી કામગીરીમાં જ વ્યસ્ત રહે છે. આ સિવાયના મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓને કાયદાની કલમો, બંધારણની જોગવાઈઓ, અનામત ન આપી શકાય તે સંજોગોમાં વિચારી શકાય તેવા વિકલ્પો તૈયાર કરવાની કામગીરી સોપવામાં આવી છે. નરેન્દ્ર મોદી વડાપ્રધાન પછી સત્તારૂઢ થયેલા પ્રથમ મહિલા મુખ્યમંત્રીએ જનકલ્યાણના કામોને મહત્વ આપીને ગતિશીલ ગુજરાતનું સૂત્ર આપ્યું હતું. પરંતુ હાલ ગતિશીલ સરકારના પૈડા થંભી ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

# બાળકના માલિક નહી ટ્રસ્ટી બનીએ

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા આયોજિત સહચિંતન બેઠકમાં ડો. ભદ્રાયુ વછરાજાની અને હર્ષદ ત્રિવેદીના માર્મિક વ્યાખ્યાન : તમારું બાળક તમારા કરતા વધુ ઈન્ટેલીજન્ટ છે : ડો. વછરાજાની : તમારા બાળકને તેની જાતે વિચારતું કરો : હર્ષદ ત્રિવેદી

ગાંધીનગર, તા. ૨૨

“જ્યાં સુધી માળીના હાથ ગંદા ના થાય ત્યાં સુધી ફૂલના ઉછેરમાં બરકત આવતી નથી. મા-બાપ બનવા માટે સમજણ સાથે સમર્પણ પણ જરૂરી છે. નાનપણના સળ બહુ ઊંડા હોય છે અને જો મા-બાપ ભૂલ કરે તો તેને એક હજાર શિક્ષક મળીને પણ સુધારી શકતા નથી. તમારૂ બાળક તમારૂ નથી, તમારી પાસે ઉછરતુ નથી અને તમે ધારો છે તે પ્રમાણે તે બનવાનું નથી.’’ આવા તો અનેક હૃદયસ્પર્શી વાતો જાણીતા શિક્ષણવિદ્ અને અદાણી ફાઉન્ડેશનના એજ્યુકેશન ડાયરેક્ટર ડૉ. ભદ્રાયુ વછરાજાનીએ ખીમજી વિસરામ હોલ ખાતે ખીચોખીચ ઉપસ્થિત વાલીઓને સંભળાવી હતી.





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા આજે આયોજિત સહચિંતન બેઠકમાં ‘મા-બાપ તરીકે હું શું કરીશ ?’ વિષયે મુખ્ય વ્યક્તા તરીકે ડૉ. ભદ્રાયુ વછરાજાની પધાર્યા હતા. આ ઉપરાંત જાણીતા સાહિત્યકાર હર્ષદ ત્રિવેદીની પણ પ્રેરણાત્મક ઉપસ્થિતિ રહી હતી. સમારંભના પ્રારંભે હર્ષદ ત્રિવેદીએ સાહિત્યિક શૈલીમાં વાલીગણને સંબોધ્યા હતા અને તેમણે બાળકને જાતે વિચારતા કરવા પર ભાર મૂક્યો હતો. હર્ષદ ત્રિવેદીએ ઉમાશંકર જોષીને યાદ કરતા પરિશ્રમનો મહિમા વર્ણવ્યો હતો.

● અનુસંધાન પાન-૫ પર

## આજે તલાટી કમ મંત્રીની પુનઃ પરીક્ષા

### ૯૨ કેન્દ્રો અને ૨૧ હજાર પરીક્ષાર્થીઓ : મહેસુલી અધિકારીઓને પણ સ્કવોડમાં મુકાયા

ગાંધીનગર, તા. ૨૨

પંચાયત સેવા પસંદગી મંડળ આયોજિત તલાટી કમ મંત્રીની આજે પુનઃ પરીક્ષામાં ૨૧ હજાર જેટલા પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહેશે.

પંચાયત સેવા પસંદગી મંડળે સાત જિલ્લામાં પરીક્ષા તલાટી કમ મંત્રીની રદ કરી હતી. આજે યોજાનાર આ પરીક્ષા માટે તંત્રએ તેની તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે.

આ પરીક્ષા માટે પસંદગી મંડળે જિલ્લા માટે પાંચ જેટલા ચુનંદા મહેસુલી અધિકારીઓની સ્કવોર્ડના અધિકારી તરીકે પ્રથમવાર નિમણુંક કરી છે. ૯૨ પરીક્ષા કેન્દ્રો પર આ પરીક્ષા યોજવામાં આવનાર છે. આ માટે ૨૦ રૂટ નિયત કરવામાં આવ્યા છે.

૨ હજાર જેટલા કર્મચારીઓને આ પરીક્ષા માટે ખાસ ફરજ સોંપવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે આ પરીક્ષા બપોરે ૩.૩૦ થી ૪.૩૦ દરમ્યાન યોજવામાં આવશે.

ઓ.એમ.આર. શીટથી આ પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષામાં પરીક્ષાના અર્ધા કલાક પહેલાં જ પરીક્ષાર્થીને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ અપાશે. પરીક્ષા પૂર્ણ ના થાય તે પૂર્વે કોઈ પરીક્ષાર્થીને કેન્દ્ર છોડવા દેવામાં આવશે નહિ. પરીક્ષા ખંડમાં મોબાઈલ કે અન્ય કોઈપણ પ્રકારના ઉપકરણ લઈ જવા દેવામાં આવશે નહિ.

પરીક્ષા સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# બાળકોને માર્કશીટના મહોતાજ નહી ટેલેન્ટના શરતાજ બનાવો : સાંઈરામ

### સંસ્કૃતિ સંસ્થા આયોજિત કાર્યક્રમમાં સાંઈરામ દવેએ શ્રોતાઓને હાસ્યરસથી તરબોળ કર્યા : કરોડોના બંગલામાં મા-બાપ સચવાતા નથી, સંકડાશમાં બધુ જળવાય છે






ગાંધીનગર તા ૨૨

બાળકોને માર્કશીટના મોહતાજ નહી પણ ટેલેન્ટના શરતાજ બનાવો. દરેક બાળક આઈનસ્ટાઈન થઈ શકે તેવી ક્ષમતા તેનામાં હોય છે. છતા આપણે તેને કલાર્ક બનાવી દઈએ છીએ સંસ્કૃતિ સંસ્થા આયોજિત સાંઈરામ દવેના હાસ્યરસથી ભરપૂર કાર્યક્રમમાં આજના આધુનિક યુગમાં બાળકો પાસેથી માટી અને મેદાન છીનવી લેતા શિક્ષિત સમાજને ઢંઢોળવાનો પણ પ્રયાસ કરાયો હતો. સાંઈરામે આગવી શૈલીમાં શ્રોતાઓને હાસ્યરસથી તરબોળ કરી દિધા હતા.તેમણે આજના સમાજમાં તુટતી સંયુકત કુટુંબ પ્રથા અંગે જણાંવ્યુ હતુ કે સંકડાશમાં બધુ સચવાય છે.પરંતુ કરોડોના બંગલામાં મા બાપને સ્થાન મળતુ નથી.

સંસ્કૃતિ સંસ્થા આયોજિત સાંઈરામ દવેના હાસ્યદરબારમાં ખીચોખીચ ભરેલા ટાઉનહાલમાં

● અનુસંધાન પાન-૫ પર

## આજે અમદાવાદમાં ઠાકોર ક્ષત્રિય સેના દ્વારા મહાધરણા

ગાંધીનગર, તા. ૨૨

અમદાવાદમાં આર.ટી.ઓ. સર્કલ પાસે અનામત નહીં આપવાના મુદ્દે ૧૪૭ જ્ઞાતિઓ વતી ગુજરાત ઠાકોર ક્ષત્રિય સેના દ્વારા આવતીકાલ ૨૩મીના રોજ મહાધરણાનો કાર્યક્રમ યોજાનાર છે.

૨૫મીએ પાટીદારોએ અનામતની માંગણી સાથે અમદાવાદમાં જોરદાર શકિત પ્રદર્શન કરવા તૈયારીઓ શરૂ કરી છે તો બીજી તરફ ઓબીસીમાં નહી સમાવવા અને અનામત નહીં આપવા માંગ સાથે ગુજરાત ઠાકર ક્ષત્રિય સેના દ્વારા મહા ધરણાનો કાર્યક્રમ આયોજિત કર્યો છે.

**૨૩મી ઓગષ્ટના રોજ સવારે ૧૦ વાગે સબકો સંમતિ દે ભગવાનના નારા સાથે મહાધરણાનો કાર્યક્રમ શરૂ થશે**

પોલીસે મહાધરણાની મંજુરી આપી દેતા પછાત ઓબીસી વર્ગના લોકો મોટી સંખ્યામાં હાજર રહે તે માટે ધમધમાટ શરૂ થયો છે. સાબરમતી આરટીઓ સર્કલ પાસે આવતીકાલ ૨૩મી ઓગષ્ટના રોજ સવારે ૧૦ વાગે સબકો સંમતિ દે ભગવાનના નારા સાથે મહાધરણાનો કાર્યક્રમ શરૂ થશે. સવારે ૯ વાગે ગુજરાત ઓબીસી સમાજની તમામ જ્ઞાતિઓના પ્રતિનિધિઓ ગાંધી આશ્રમ પ્રાર્થનાસભામાં ભાગ લેશે ત્યાર બાદ મહાધરણાનો પ્રારંભ થશે. આવતીકાલે સાબરમતી ખાતે મોટી સંખ્યામાં ઓબીસી ઠાકોર ક્ષત્રિય સેના દ્વારા યોજાનાર મહાધરણામાં લોકો જોડાનાર હોઈ સલામતીના પગલારૂપે અને કાયદો વ્યવસ્થાની જાળવણી માટે સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૯૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

# પાટીદાર હાઈવોલ્ટેજ સભા મામલે પોલીસ સંપૂર્ણ તૈયાર

### જીએમડીસી અને આસપાસ સઘન સુરક્ષા વ્યવસ્થા : એસઆરપીની ૧૮ કંપની તૈનાત રહેશે : ૨૫ ડીએસપી, ૧૧૦ પીઆઈ તેમજ ૫૦૦૦ કોન્સ્ટેબલોને જવાબદારી

અમદાવાદ,તા. ૨૨

૨૫મી ઓગસ્ટના દિવસે પાટીદારની હાઈવોલ્ટેજ સભા જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાનાર છે. આ દરમિયાન કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી કાઢવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વધુ આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી ૯૦૦૦૦ ઓફિસરો અને પોલીસ કર્મચારીઓની કોઈ રજા મંજુર કરવામાં આવનાર નથી. પરિપત્ર જારી કરવામાં આવ્યા બાદ સ્પષ્ટ સૂચના આપી દેવામાં આવી છે. પાટીદારોના આંદોલનને ધ્યાનમાં લઈને જીએમડીસી ગ્રાઉન્ડમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે. ૭૦૦૦ શહેર પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવનાર છે. આ ઉપરાંત રાજય રિઝર્વ પોલીસની ૧૮ કંપનીઓ ગોઠવવામાં આવનાર છે. આના માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ઘોડા પોલીસ પણ રાખવામાં આવી છે. નેત્રડ્રોનથી પણ નજર રાખવામાં આવનાર છે. છથી વધુ બોંબ ડિટેકશન અને બોંબ ડિસ્પોઝલ ટુકડીઓ પણ ગોઠવી દેવામાં આવી છે. ભાંગફોડ વિરોધી ટુકડીઓ પણ રાખવામાં આવી છે. શહેર ક્રાઈમ બ્રાંચના અધિકારીઓને પણ સ્ટેન્ડ ટુ રહેવા માટે સૂચના આપવામાં આવી છે.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
FOR HEALTHY CONSTRUCTION
TATA
STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com